# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-07-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# RAJKOT- GIRISHCHANDRA MURMU

દેશના કમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ ગિરીશ ચન્દ્ર મુર્મુએ  રાજકોટની એ.જી.ઓફિસ કેમ્પસમાં આંતરરાષ્ટ્રીય ઓડિટ તાલીમ કેન્દ્રનું આજે ઉદઘાટન કર્યું.

આ તકે શ્રી મુર્મુએ કહ્યું કે,વિવિધ દેશોમાં થઇ રહેલી સરકારી સંસ્થાઓની વિભિન્ન ઓડિટ પદ્ધતિનો આધુનિક અભ્યાસ કરાવવામાં અને તેના આદાન-પ્રદાન થકી કાર્ય પ્રણાલિમાં ગુણવત્તાયુક્ત ફેરફાર કરવામાં આ સંસ્થા મહત્વનું યોગદાન આપશે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે દેશની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં પારદર્શકતા લાવવામાં આ સંસ્થા મહત્વપૂર્ણ સાબિત થશે. આ તાલીમ કેન્દ્રમાં વૈશ્વિક કક્ષાની તાલીમ પામનાર વ્યક્તિઓ રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાને શ્રેષ્ઠ ઓડિટર તરીકેની સેવા આપી શકશે.

# CHANDIPURA VIRUS UPDATE

રાજ્યમાં વધી રહેલા ચાંદીપુરા સક્રમણને પગલે કૃષિમંત્રી રાઘવજી પટેલે આજે જામનગરમાં સમીક્ષા બેઠક યોજી. બેઠકમાં મંત્રીશ્રીએ જણાવ્યું કે, રાજ્યમાં ચાંદીપુરા ચાંદીપુરા વાઇરસના પ્રસારને અટકાવવા પૂરતા પગલાં લેવાઇ રહ્યા છે. તો આ તરફ જામનગરના જામજોધપુર અને ધ્રોલ તાલુકામાં ચાંદીપુરા વાઇરસના શંકાસ્પદ કેસ મળતાં આરોગ્ય તંત્ર સજાગ બન્યું છે.

અમદાવાદમાં ચાંદલોડિયા અને આંબાવાડી વિસ્તારના 2 બાળકોમાં શંકાસ્પદ ચાંદીપુરા વાઈરસના લક્ષણ જોવા મળ્યા હતા. અમદાવાદના અમારા પ્રતિનિધિ કરણ પરમાર જણાવે છે કે, હાલમાં આ બંને બાળકોની અસારવા સિવિલ હૉસ્પિટલ ખાતે સારવાર ચાલી રહી છે.

આ તરફ પંચમહાલ જિલ્લામાં પણ વાઇરસે દેખા દેતા તત્ર દોડતું થઈ ગયું છે. પંચમહાલના બે બાળકોમાં શંકાસ્પદ વાઇરસ જોવા મળ્યો છે. ગોધરા તાલુકાના કોટડા ગામની ચાર વર્ષિય બાળકોમાં બીમારીના લક્ષણો જોવા મળ્યા હતા. જ્યારે અન્ય એક કેસ ઘોઘંબા તાલુકાના લાલપુરી ગામે નવ વર્ષની બાળકીનો નોંધાયો છે. જે બાદ જિલ્લા આરોગ્ય તંત્રએ વિવિધ ટીમો બનાવી અસરગ્રસ્ત વિસ્તારોમાં સઘન તપાસ હાથ ધરી છે.

સાબરકાંઠા જીલ્લામાં શંકાસ્પદ ચાંદીપૂરા વાઇરસના કારણે ઓછામાં ઓછા છ બાળકોના મોત થઇ ચૂક્યા છે જ્યારે સાત બાળકો હજી પણ સારવાર હેઠળ છે. એક અહેવાલ અનુસાર, હિંમતનગરની સીવીલ હોસ્પિટલમાં 14 જેટલા બાળકોને દાખલ કરાયા હતા. જેમાંથી છ બાળકોના મોત થયા છે. ગઈકાલ અને આજ સવાર સુધીમાં ૫ બાળકો નવા શંકાસ્પદ ચાંદીપુરા વાઈરસના કેસો મળીને કુલ ૧૪ કેસ થયા છે. સાબરકાંઠામાં અત્યાર સુધીમાં સૌથી વધુ કેસ નોંધાયા હોવાના અહેવાલ છે.

# CM- SHRAMIK BASERA

રાજ્ય સરકારે આજે શ્રમિકો માટે શ્રમિક બસેરા યોજનાનો પ્રારંભ કર્યો છે. અમદાવાદ ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે બસેરાનું ખાતમહૂર્ત કર્યું.. આ યોજના અંતર્ગત આગામી ત્રણ વર્ષમાં રાજ્યના 3 લાખ શ્રમિકોને આવાસ આપવાનો લક્ષ્યાંક છે.

આ યોજના હેઠળ પ્રતિદિન પ્રતિ વ્યક્તિ 5 રૂપિયાની નજીવી કિંમતે બાંધકામ શ્રમિક તથા તેમના પરિવારને આશ્રય આપવામા આવશે. જેમાં 6 વર્ષથી નાની ઉંમરના બાળકોને વિના મૂલ્યે આવાસ ફાળવવામાં આવશે. શ્રમિકો માટે રાજ્યના ત્રણ મોટા શહેરોમાં 15 હજાર હંગામી આવાસ બનાવવામાં આવશે. આ આવાસોમાં શ્રમિકોને સ્વચ્છ પાણી, વીજળી અને

શૌચાલયની સુવિધાઓ આપવામાં આવશે.. આ ઉપરાંત આ આવસોમાં રહેતા શ્રમિક પરિવારોને સુરક્ષા અને મેડિકલ સુવિધા પણ આપવાનો પ્રયાસ કરાશે.

# RAIN

રાજ્યમાં આજે સવારથી બપોરે 12 વાગ્યા સુધીમાં 40 જેટલા તાલુકાઓમાં હળવોથી મધ્યમ વરસાદ નોંધાયો છે. જૂનાગઢના વંથલીમાં બે કલાકમાં સૌથી વધુ અઢી ઇંચ વરસાદ વરસ્યો હતો.

જ્યારે વલસાડના તાલુકા, દેવભૂમિ દ્વારકાના કલ્યાણપુર,ભાણવડ, જુનાગઢ તાલુકા અને શહેરમાં તેમજ નવસારીના જલાલપોરમાં એક ઇંચથી વધુ વરસાદના અહેવાલ છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના અમારા પ્રતિનિધિ કરણ જોષી જણાવે છે કે, કલ્યાણપુર તાલુકામાં ભાટીયા, નંદાણા, પટેલકા,રાવલ સહિતના ગ્રામ્ય પંથકમાં વરસાદ વરસ્યો હતો. વરસાદના પગલે દ્વારકા- લીંબડી ધોરીમાર્ગ પર પાણી ફરી વળતાં વાહનવ્યવહાર ઠપ થયો હતો.

# GUJ. DAM STHITI

રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં જળસંગ્રહ 54 ટકાને પાર પહોંચી ગયો છે. આ સાથે રાજ્યના કુલ 206 જળાશયમાં કુલ સંગ્રહશક્તિના 35.38 ટકા જેટલો જળસંગ્રહ નોંધાયો છે એમ જળ સંપત્તિ વિભાગના અહેવાલમાં જણાવાયું છે.

સૌરાષ્ટ્ર વિસ્તારમાં છેલ્લા 2 દિવસથી વરસી રહેલા વરસાદના પરિણામે આજે સવારે 8 વાગ્યાના અહેવાલ મુજબ ત્રણ જળાશયો સંપૂર્ણ છલકાયા છે, જેમાં જામનગરના વાગડીયા અને સસોઈ-2 તથા સુરેન્દ્રનગર જિલ્લાનો વાંસલ ડેમ સો ટકા ભરાતા હાઈ અલર્ટ અપાયું છે. આ ઉપરાંત જુનાગઢના ઓઝત-2 અને બાંટવા-ખારો ડેમ, મોરબીના ગોડાધ્રોઈ, રાજકોટના ભાદર-2 તથા

ભરૂચના ધોલી અને બલદેવા, જામનગરના ફૂલઝર-1 તથા પોરબંદરના સારણ ડેમ 80થી 90 ટકા ભરાતા અલર્ટ પર છે .

જ્યારે જામનગરના ફૂલઝર, ઊંડ-3 અને રૂપારેલ, રાજકોટના આજી-2 અને ન્યારી-2 તથા સુરેન્દ્રનગરના ધોળીધજા ડેમ 70થી 80 ટકા વચ્ચે ભરાતા ચેતવણી આપવામાં આવી છે.

તો મહેસાણાના અમારા પ્રતિનિધિ જંયતી ચૌધરી જણાવે છે કે ઉપરવાસમાં વરસાદને કારણે ધરોઈ ડેમમાં 8 હજાર 56 ક્યૂસેક પાણીની આવક થઈ છે. હાલમાં પાણીની સપાટી 601.11 ફૂટે પહોચી છે.

# JUNAGADH- LION DEATH

જુનાગઢ જિલ્લાના માળીયાહાટીના પાસે ગઈકાલે સાંજે એક સિંહણ અને બે સિંહ બાળના મૃતદેહ મળી આવતા વન વિભાગે તપાસ શરૂ કરી છે.

મુખ્ય વન સંરક્ષક આરાધના સાહુના જણાવ્યા મુજબ બે સિંહ બાળ કે જેની ઉંમર એકથી દોઢ વર્ષની હતી તેના મૃતદેહ પાણીની અંદરથી મળી આવ્યા છે જ્યારે સિંહણ પુખ્ત વયની હોવાને કારણે કુદરતી મૃત્યુ થયું હોય તેવી સંભાવના છે જોકે ત્રણેયના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યા છે અને રિપોર્ટની રાહ જોવાઈ રહી છે.